Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: **પરિપત્ર** :-

બી.આર.એસ.નો અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા ડિપાર્ટમેન્ટના વડાશ્રીને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર શિક્ષણ વિભાગના રાજયની તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત કોમન કરીકયુલમ એન્ડ ક્રેડિટ ફ્રેમવર્ક હેઠળ ક્રેડિટ માળખું અમલીકરણ માટે નિયત કરવા બાબત અંગેના તા.૧૧/૦૭/૨૦૨૩, ઠરાવ ક્રમાંકઃ KCG/admin/2023-24/0607/kh.1 અનુસાર બી.આર.એસ. ના સ્ટ્રકચર અને સેમે.–૧ નો અભ્યાસક્રમ અંગે વિચારણા કરતા ગ્રામઅભ્યાસ વિદ્યાશાખા અને ગ્રામઅભ્યાસ અભ્યાસ સમિતિની સંયુકત સભા શુક્રવાર, તા.૦૪/૦૮/૨૦૨૩ ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે કરેલ ભલામણ ગ્રામઅભ્યાસ વિદ્યાશાખા અને ગ્રામઅભ્યાસ અભ્યાસ સમિતિની સંયુકત સભા શુક્રવાર, તા.૦૪/૦૮/૨૦૨૩ ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૦૮/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૪૩ થી સ્વીકારી મંજુર કરેલ છે. જેની આથી જાણ કરવામાં આવે છે.

**<u>ગ્રામઅભ્યાસ વિદ્યાશાખા અને ગ્રામઅભ્યાસ અભ્યાસ સમિતિની સંયુકત સભા તા.૦૪/૦૮/૨૦૨૩ ઠરાવ ક્રમાંકઃ ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણ વિભાગના રાજયની તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત કોમન કરીકયુલમ એન્ડ ક્રેડિટ ફ્રેમવર્ક હેઠળ ક્રેડિટ માળખું અમલીકરણ માટે નિયત કરવા બાબત અંગેના તા.૧૧/૦૭/૨૦૨૩, ઠરાવ ક્રમાંકઃKCG/admin/2023-24/0607/kh.1, અનુસાર બી.આર.એસ. નું સ્ટ્રકચર અને સેમેસ્ટર–૧નો અભ્યાસક્રમ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૦૮/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૪૩**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રામઅભ્યાસ વિદ્યાશાખા અને ગ્રામઅભ્યાસ અભ્યાસ સમિતિની સંયુકત સભા તા.૪/૦૮/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે કરેલ ભલામણને સુધારા વધારા સાથે સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

(બિડાણઃ ઉપર મુજબ )

ક્રમાંક : એસ./પરિપત્ર/૨૦૭૮૦/૨૦૨૩
તા.૦૮–૦૮–૨૦૨૩

કુલસચિવ

પ્રતિ,
૧) ગ્રામઅભ્યાસ વિદ્યાશાખા હેઠળની સંલગ્ન ગ્રામઅભ્યાસ વિષયની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને તથા વિભાગીય વડાશ્રીને.......... આપશ્રીની કોલેજના સંબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરવા સારૂ.
૨) અધ્યક્ષશ્રી, ગ્રામઅભ્યાસ વિદ્યાશાખા.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
૪) એકેડેમિક વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

.....તરફ જાણ તેમજ અમલ સારૂ.

# Veer Narmad South Gujarat University, Surat

## Structure of Faculty of Rural Studies
## Bachelor of Rural Studies

| Semester | Major Course | Minor Course | Multi-disciplinary Course | Ability Enhancement Course | Skill Enhancement Course | Value Added Course | Internship | RP/ OJT | Total Credits |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 8 | 4 | 4 | 2 | 2 | 2 | - | - | 22 |
| 2 | 8 | 4 | 4 | 2 | 2 | 2 | - | - | 22 |
| 3 | 12 | - | 4 | 2 | 2 | 2 | - | - | 22 |
| 4 | 12 | 4 | - | 2 | 2 | 2 | - | - | 22 |
| 5 | 12 | 8 | - | - | 2 | - | - | - | 22 |
| 6 | 12 | 4 | - | 2 | - | - | 4 | - | 22 |
| **Total Credits** | **64** | **24** | **12** | **10** | **10** | **8** | **4** | - | **132** |
| 7 | 12 | 4 | - | - | - | - | - | 6 | 22 |
| 8 | 12 | 4 | - | - | - | - | - | 6 | 22 |
| **Total Credits** | **24** | **8** | | | | | - | **12** | **44** |

**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT**

**U.G. LEVEL FOUR YEAR COURSES**

Faculty of Rural Studies

**B.R.S. (BACHELOR OF RURAL STUDIES)**

Credit & Semester wise New Course Design

Semester - 1

| Sr. No | Course Type | Course Name | Course Code | Credit | Weekly Teaching Hours | |
|---|---|---|---|---|---|---|
| | | | | | The. | Pr. |
| 1 | Major – 1 | 1.Agronomy<br>2. Animal Husbandry<br>3.Horticulture<br>4.Rural Extension<br>5.Rural Development Management | MJ 101 | 4 | 3 | 2 |
| 2 | Major– 2 | 1.Agronomy<br>2. Animal Husbandry<br>3.Horticulture<br>4.Rural Extension<br>5.Rural Development Management | MJ 102 | 4 | 3 | 2 |
| 3 | Minor | Indian Rural Economics | ME 101 | 4 | 4 | - |
| 4 | Int. Disci. Any One | 1.Farm Management | ID 101/A | 4 | 4 | - |
| | | 2. Rural Development | ID 101/B | | | |
| 5 | Ability Enhancement Course Language | Gujarati (ગુજરાતી ભાષા સામર્થ્ય અને જીવન કૌશલ્ય) | AEC 101 | 2 | 2 | - |
| 6 | Skill Enhancement Course | Computer Application | SEC 101 | 2 | 1 | 2 |
| 7 | Value Added Course | Bharatiya knowledge System-an Introduction | VAC IKS(BKS) 101 | 2 | 2 | - |
| Total credit | | | | 22 | | |

**VEER NARMAD SOUTH GUJARAT UNIVERCITY, SURAT**
**U.G. LEVEL FOUR YEAR COURSES**
Faculty of Rural Studies
**B.R.S. (BACHELOR OF RURAL STUDIES)**
Credit & Semester wise New Course Design
Semester - 2

| Sr. No | Course Type | Course Name | Course Code | Credit | Weekly Teaching Hours | |
|---|---|---|---|---|---|---|
| | | | | | The. | Pr. |
| 1 | Major – 1 | 1. Agronomy<br>2. Animal Husbandry<br>3. Horticulture<br>4. Rural Extension<br>5. Rural Development Management | MJ 103 | 4 | 3 | 2 |
| 2 | Major – 2 | 1. Agronomy<br>2. Animal Husbandry<br>3. Horticulture<br>4. Rural Extension<br>5. Rural Development Management | MJ 104 | 4 | 3 | 2 |
| 3 | Minor | Principal of Gandhian Thought | ME 102 | 4 | 4 | - |
| 4 | Int. Disci. Any one | 1. Rural Social Structure | ID 102/A | 4 | 4 | - |
| | | 2. Rural finance & Co-Operation | ID 102/B | | | |
| 5 | Ability Enhancement Course Language | Hindi | AEC 102 | 2 | 2 | - |
| 6 | Skill Enhancement Course | Computer Application | SEC 102 | 2 | 1 | 2 |
| 7 | Value Added Course Any One | 1.Rural Marketing | VAC 102/A | 2 | 2 | - |
| | | 2.Health & Sanitation | VAC 102/B | | | |
| | | Total credit | | 22 | | |

Exit 1: Award of UG certificate in Major course with 44 credits with additional 4 credits of Summer Internship in core specific NSQF defined course OR continue with Major and Minor course for next NCrF credit level

**બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)**

**SEMESTER-1** **Major Course - MJ 101**

**SUBJECT-ક્ષેત્રવિદ્યા (AGRONOMY)**

**CREDIT- 4**

**હેતુઓ** :

1. વિદ્યાર્થી પૃથ્વીની ઉત્પતિ વિશેની સમજ મેળવે.

2. વિદ્યાર્થીઓને જમીન વિશેની સમજ કેળવવી.

3.વિદ્યાર્થી જમીનનું ખેતીમાં મહત્વ જાણે.

**અભ્યાસક્રમ (સૈદ્ધાંતિક)** :

1. **પૃથ્વીની ઉત્પતિ**:પ્રસ્તાવના, પૃથ્વીની ઉત્પતિ વિશેની પરિકલ્પનાઓ, પૃથ્વીની વર્તમાન સ્થિતિ, ભૂપૃષ્ઠ અને બંધારણ વગેરે.
2. **જમીન બનાવતા ખડકો અને ખનીજો**: પ્રસ્તાવના, ખડકની વ્યાખ્યા, ખડકના પ્રકાર, તેનું વર્ગીકરણ, ખડક બનાવતી ખનીજો, ગુજરાત રાજ્યની જમીન બનાવતા ખડકો અને ખનીજો, ખનીજોના ગુણધર્મો વગેરે.
3. **જમીન**:પ્રસ્તાવના, જમીનની વ્યાખ્યા, જમીનની રચના, અપક્ષય(ઘસારો),અપક્ષયની પ્રક્રિયામાં ભાગ ભજવતા પરિબળો, વિવિધ પરિબળોની સંયુક્ત અસર વગેરે.
4. **જમીન પ્રોફાઇલ**: પ્રસ્તાવના, વ્યાખ્યા, પ્રોફાઇલનો અભ્યાસ, સપાટીની જમીન અને તળની જમીન,સપાટીની જમીન અને તળની જમીનનો તફાવત વગેરે.

**પ્રત્યક્ષ કાર્યો**:

1. પૃથ્વી ઉત્પતીના સંદર્ભે પ્લેનેટોરિયમની મુલાકાત

2. ગુજરાત રાજ્યના ખડકો અને ખનીજોની ઓળખ કરાવવી

3. જમીન પ્રોફાઇલનો અભ્યાસ કરવો.

**સંદર્ભ ગ્રંથ**


1. જમીન વિજ્ઞાન અને વ્યવસ્થા - શ્રી બાબુભાઇ અવરાણીઅનાડા પ્રકાશન, અમદાવાદ

2. જમીન વિજ્ઞાન અને વ્યવસ્થા - ડો હસમુખ સુથાર,લોકભારતી-સણોસરા

3. કૃષિ વિજ્ઞાન - ડો કે. પી પટેલ,ડો ડી.કે. ડોબરીયા,વી.કે.ગોંડલિયા
(એગ્રો ઇન્ફો સર્વિસિસ, આણંદ)

4. પર્યાવરણ સાથી વિકસત સંસ્થા, અમદાવાદ

5. કૃષિ ઇજનેરી શ્રી બાબુભાઇ અવરાણી અનડાપ્રકાશન, અમદાવાદ

૬. કૃષિ ગોવિદ્યા માસિક કૃષિ વિશ્વ વિદ્યાલય, આણંદ

## બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)

**SEMESTER-1** **Major Course - MJ 102**

**SUBJECT-ક્ષેત્રવિદ્યા (Agronomy)**

**CREDIT- 4**

**હેતુઓ:**

1. જમીનના ઘટકો વિશેની જાણકારી મેળવે.

2. વિદ્યાર્થીજમીનના બંધારણ વિશે જાણે.

2. વિદ્યાર્થીવિવિધ જમીનો વિશેની માહિતી મેળવે.

3. વિદ્યાર્થીજમીન ભેજની કૃષિમાં અગત્યતાસમજે.

**અભ્યાસક્રમ (સૈદ્ધાંતિક):**

**1. જમીનના ઘટકો:**

પ્રસ્તાવના, વ્યાખ્યા, વિવિધ ઘટકો - અકાર્બનિક પદાર્થો(અસેન્દ્રિય પદાર્થો),કાર્બનિક પદાર્થો(સેન્દ્રિય પદાર્થો),પાણી, હવા વગેરેની અગત્યતા, જમીન હવાનો સંબંધ, જમીન - પાણીનો સંબંધ, જમીન દ્રાવણ, જમીન પ્રણાલી,પાક ઉત્પાદન સંદર્ભે પ્રણાલી, જમીનના વિવિધ કાર્યો.

**2. રાજ્યની જમીનોનું વર્ગીકરણ** :

પ્રસ્તાવના, જમીનની વ્યાખ્યા, રાજયની જમીનોનું વર્ગીકરણ ,ભૂસ્તર શાસ્ત્રની દ્રષ્ટિએ, ભૌતિક, રાસાયણિક અને પોત ગુણધર્મો આધારિત વર્ગીકરણ,રાજ્યનીજમીનનીજિલ્લાવાર સ્થિતિ, પ્રકાર, ખાસિયતો, ઉપયોગ અને પ્રશ્નો વગેરે.

**3. જમીનના ભૌતિક ગુણધર્મો** :

પ્રસ્તાવના, જમીનનું પોત એટલે શું ?જમીનનાવિવિધ કણો, જમીનનું ભૌતિક પૃથક્કરણ, જમીન બાંધાની વ્યાખ્યા, જમીન બાંધાના પ્રકાર, જમીનમાં બાંધો, બનવાની ક્રિયાને અસર કરતાં પરિબળો, જમીનના બાંધાનો નાશ, જમીન બાંધાનુંમહત્વ, જમીનની ટિલ્થ, જમીનની દ્રઢતા-જમીનની સુઘટયતા, ચીકાશ, ફુલવું અનેસંકોચાવું, સંલગ્નતા(કોહિઝન)અને આસંજ(એડહીઝન) વગેરે.

**4. જમીન ભેજ** :

પ્રસ્તાવના, જમીન ભેજ એટલે શું ? તેનું મહત્વ, છોડને પાણીની જરૂરિયાત,જમીન ભેજના પ્રકારો, આદ્રતા ભેજ, કેશાકર્ષણીય ભેજ, ગુરૂત્વાકર્ષીય ભેજ, જમીનમાં ભેજની હેરફેર-ગતિવિધિ, જમીનમાં ભેજનું જકડાવું,જમીન ભેજના માપકો ,જમીન ભેજને અસર કરતાં પરિબળો, જમીન ભેજ સંરક્ષણ અર્થેના પગલાંઓ વગેરે.

**પ્રત્યક્ષ કાર્યો :**

1. જમીન ઓગરનો અભ્યાસ કરવો.
2. જમીનનું પોત નક્કી કરવું.
3. જમીન વરાપનો અભ્યાસ કરવો.

**સંદર્ભ ગ્રંથો :**


1. જમીન વિજ્ઞાન અને વ્યવસ્થાપન - શ્રી બાબુભાઈ અવરાણી, અનડા પ્રકાશન, અમદાવાદ.
2. જમીન વિજ્ઞાન અને વ્યવસ્થા- ડો. હસમુખ સુથાર, લોકભારતી સણોસરા
3. જમીન વ્યવસ્થા અને પાક ઉત્પાદન - ડો.એ.એસ.પટેલ/અન્યો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
4. પર્યાવરણ સાથી - વિકસત પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, અમદાવાદ
5. ગુજરાતની જમીન ફળદ્રુપતા - જી.એસ. એફ.સી. - વડોદરા
6. કૃષિ ઈજનેરી - શ્રી બાબુભાઈ અવરાણી, અનડા પ્રકાશન - અમદાવાદ.
7. પર્યાવરણ અને પરિસ્થિતિ નિકુલ રાવલ
8. કૃષિ ગોવિદ્યા માસિક કૃષિ વિશ્વ વિદ્યાલય, આણંદ

## બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)

**SEMESTER-1** **Major Course - MJ 101**

**SUBJECT-**પશુપાલન**(Animal Husbandry)**

**CREDIT- 4**

**હેતુઓ:**

1. વિદ્યાર્થીમાનવજીવનમાંપાલતુપ્રાણીઓનુંમહત્વસમજે.
2. વિદ્યાર્થીભારતનાઅર્થતંત્રમાંપશુપાલનનુંમહત્વસમજે.
3. વિદ્યાર્થીપશુનેઉછેરવાનીપદ્ધતિઓવિશેજાણે.
4. વિદ્યાર્થીભારતીયઅનેવિદેશીગાયોનીઓલાદ વચ્ચેનોતફાવતજાણેસમજે.
5. વિદ્યાર્થીભારતનાદૂધઉત્પાદનમાંભેંસોનીવિવિધઓલાદોનાફાળા વિશેજાણેસમજે.
6. વિદ્યાર્થીપશુસંવર્ધનમાંકૃત્રિમબીજદાનનુંમહત્વસમજેઅનેકૃત્રિમબીજદાનનીવિવિધરીતોઅનેતેનાઉપયોગવિશેજાણેસમજે.

**સૈદ્ધાંતિક:**

1. માનવજીવનમાં,ગ્રામઅર્થતંત્ર/ગ્રામવિકાસમાંઅનેભારતનારાષ્ટ્રીયઅર્થતંત્રમાંપશુઅનેપશુપાલનનો ફાળો.
2. પશુઉછેરવાનીવિવિધપદ્ધતિઓ.
3. ભારતીયગાયોનીઓલાદોનુંવર્ગીકરણઅનેતેનુંસંરક્ષણ - ગીર,કાંકરેજ,ડાંગી,થરપાકર, શાહીવાલવગેરે.
4. વિદેશીગાયોનીઓલાદો:તેનુંમહત્વઅનેવર્ગીકરણ,એચ.એફ., જર્સી,બ્રાઉન સ્વીસ, રેડડેન વગેરે.
5. ગાયોની મહત્વની ઓલાદો: તેનું વર્ગીકરણઅને મહત્વ તથા લક્ષણો: મુર્રાહ, મહેસાણી, સુરતી, જાફરાબાદી વગેરે.
6. સંકર સંવર્ધન અને સંકર ગાયોના લાભાલાભ.
7. પશુપાલન વ્યવસાયનો ગ્રામ રોજગારના વિકાસમાં ફાળો વગેરે.
8. પશુઓળખ, તેનું મહત્વ,પદ્ધતિઓ અને લાભાલાભ.

**પ્રત્યક્ષકાર્ય:**

1. પશુઓળખનીરીતો, નિશાનીઓ, ટેગીંગ/કડીપહેરાવવીઅનેટટુઈંગ/છુંદણા નંબરનોઅભ્યાસ.
2. નજીકનાઅન્યજુદાજુદાડેરીફાર્મ/ગૌશાળાનીમુલાકાતલઇતેનોઅભ્યાસઅહેવાલતૈયારકરવો.
3. ગીરગાયોનાલક્ષણોનો પ્રત્યક્ષઅભ્યાસકરવો.

4. કાંકરેજ ગાયનાંલક્ષણોનોપ્રત્યક્ષઅભ્યાસકરવો.

5. જાફરાબાદીભેંસનાલક્ષણોનોપ્રત્યક્ષઅભ્યાસકરવો.

6. મહેસાણી ભેંસનાલક્ષણોપ્રત્યક્ષઅભ્યાસકરવો. સુરતીભેંસોનાલક્ષણોનોપ્રત્યક્ષઅભ્યાસકરવો.

**સંદર્ભ ગ્રંથ** :


1. પશુ વ્યવસ્થા - શ્રી અરૂણભાઇ ડી. દવે અને શ્રી લક્ષ્મણભાઈ પટેલ યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
2. પશુ સંવર્ધન - આર.કે. શુકલ ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
3. પશુપાલન - ઉમેદભાઈ પટેલ અને નટુભાઈ સોલંકી. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ
4. ડેરીવિજ્ઞાનધોરણ11 ભાગ - 1 (વ્યવસાયલક્ષી પ્રવાહ માટે) શ્રી બાબુભાઈ અવરાણી. અનડા પ્રકાશન અમદાવાદ.
5. પશુમાદા રોગ અને પ્રસુતિ વિજ્ઞાન ભાગ - 1, 2, 3 - શ્રીનિવાસ કોડાગલી અને બી.કે.ભાવસાર યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
6. ગૌરવવંતી ગીર ગાય ભુવનેશ્વરી પીઠ, ગોંડલ.
7. જાફરાબાદી ભેંસ ભુવનેશ્વરી પીઠ ગોંડલ.
8. કાંકરેજ ગાય ભુવનેશ્વરી પીઠગોંડલ.
9. કૃષિ ગોવિદ્યા માસિક - કૃષિ વિશ્વ વિદ્યાલય, આણંદ
10. A textbook of Animal Husbandry - G.C. Banerjee. Oxfrd& IBH Publication Co-pvt itd. New Delhi
11. A Handbook of Animal Husbandry. - ICAR New Delhi

**બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)**

**SEMESTER-1** **Major Course - MJ 102**

**SUBJECT-પશુપાલન(Animal Hasbundary)**

**CREDIT- 4**

**હેતુઓ :**

1.પશુ રહેઠાણનું મહત્વ અને વિવિધ પ્રકારનાં પશુ રહેઠાણ વચ્ચેનો તફાવત જાણે, શીખે અને સમજે.

2. પશુપાલન વ્યવસાયમાં પશુ ઘરની સફાઈનું મહત્વ સમજે.

3. પશુઘરની સફાઈની વિવિધ રીતોનો અભ્યાસ કરે.

4. તાજી વિયાયેલી ગાય અને તાજા જન્મેલા બચ્ચાનું નિરીક્ષણ કરી તેની સાર સંભાળ અને તેની માવજત કરતા જુએ-કરે.

5. વાછરડી, વોડકી, વસૂકેલગાય, ગાભણગાય અને દૂઝણી ગાયનું નિરીક્ષણ કરી તેમનીવચ્ચેનો તફાવત સમજે. તેના લક્ષણો જાણે અને તેની સંભાળ તથા માવજત કરે.

6. વાછરૂઉછેર વિશે જાણે, વાછરૂની સાર સંભાળ કરતાં જુએ અને શીખે.

7. પશુઘરના વિવિધ ભાગોનો પ્રત્યક્ષ અભ્યાસ કરે.

**અભ્યાસક્રમ(સૈદ્ધાંતિક):**

1. પશુ રહેઠાણનું મહત્વ અને સ્થળની પસંદગી.

2. ગૌશાળાના બાંધકામના પ્રકાર, સાદાં/કાચાં, ખુલ્લાં પશુ રહેઠાણ, વિવિધ પ્રકારનાં ગૌશાળા ,ડેરી ફાર્મનાપાકામકાનોનુંબાંધકામ વગેરે.

3. પશુ ઘરની સફાઈ, તેની વિવિધ રીતો અને સફાઈનું મહત્વ.

4. પશુ ઘરની સફાઈ માટે વપરાતા વિવિધ જંતુનાશકો અને તેનો ઉપયોગ.

5. વિવિધ પ્રકારનાંપશુ રહેઠાણોનો ઊંડાણથી અભ્યાસ : પ્લાન, છાપરૂ, દિવાલો, ભોયતળિયું, ગમાણ, ગટરની વ્યવસ્થા વગેરે.

6. ગાભણ ગાયની માવજત અને સંભાળ.

7.પ્રસુતા ગાય અને તાજા જન્મેલા બચ્ચાની સંભાળ.

8. વાછરૂં ઉછેર : કુદરતી અને કૃત્રિમ રીતે વાછરૂ ઉછેરની પદ્ધતિઓ.

**પ્રત્યક્ષ કાર્યો :**

1. ગાભણ ગાયનો પ્રત્યક્ષ અભ્યાસ કરીને તેની માવજત કરવી .

2. પ્રસુતા ગાયનો પ્રત્યક્ષ અભ્યાસ કરી તેની માવજત કરવી.
3. તાજા જન્મેલા બચ્ચાનો પ્રત્યક્ષ અભ્યાસ કરી તેની માવજત કરવી.
4. સફાઈમાં વપરાતા વિવિધ જંતુનાશકોનો પ્રત્યક્ષ અભ્યાસ કરી તેનો ઉપયોગ કરતા શીખવું - જાણવું.
5. વિવિધ પ્રકારના ગૌશાળાના મકાનોના બાંધકામના અભ્યાસ કરી તેની પ્રત્યક્ષ જાણકારી મેળવવી.
6. નજીકના જુદા જુદા ડેરીફાર્મ/ગૌશાળાની મુલાકાત લઈ તેનો વિગતે અભ્યાસ કરવો.
7. પશુઘરની સ્વચ્છતા અને સફાઈની વિવિધ પદ્ધતિઓનો પ્રત્યક્ષ અભ્યાસ કરવો.

**સંદર્ભ ગ્રંથો:**


1. પશુ વ્યવસ્થા - અરૂણભાઇ ડી. દવે અને લક્ષ્મણભાઈ પટેલ - યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ , અમદાવાદ.
2. વ્યવહારૂ ગોપાલન - સ્વ. શ્રી કૃષ્ણલાલ છોટાલાલ શુકલ - યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ.
3. પશુ આહાર – બી. એન. પટેલ અને એન.એસ .શી રાદડીયા. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ .
4. ડેરીવિજ્ઞાન - સી. એચ. જોષી - યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
5. "ગોદર્શન" માસિક - પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પશુપાલન ખાતું, ગાંધીનગર.
6. કૃષિ ગોવિદ્યા માસિક કૃષિ વિશ્વ વિદ્યાલય, આણંદ
7. A textbook of Animal Husbandry - G.C. Banerjee. Oxfrd& IBH Publication Co-pvt Ltd. New Delhi
8. A Hand book of Animal Husbandry. - ICAR New Delhi

## બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)

**SEMESTER-1** **Major Course - MJ 101**

**SUBJECT-ગ્રામવિસ્તરણ(RuralExtension)**

**CRADIT –4**

**હેતુઓ:-**

1. ગ્રામ વિસ્તરણની પાયાની બાબતો વિદ્યાર્થીઓ સમજે તથા આ બાબતો ગ્રામજનો સુધી કેમ પૂરી પાડવી તે બાબત સમજે.
2. ગ્રામ સમાજના પ્રશ્નોથી વિદ્યાર્થીવાકેફથાય.
3. ગ્રામજનોનીજરૂરિયાત રસને સમજતાં શીખે.
4. ગ્રામસમાજનાં વિવિધપ્રશ્નોનાઉકેલમેળવતા શીખે.

**અભ્યાસક્રમ(સૈદ્ધાંતિક)** :

1.ગ્રામવિસ્તરણ શિક્ષણનોઅર્થ, વ્યાખ્યા, જરૂરિયાત, કાર્યક્ષેત્ર,તત્વો, સિદ્ધાંતો, તત્વજ્ઞાન વગેરે.

2. વિસ્તરણશિક્ષણપ્રક્રિયાનાસોપાનતથાવિસ્તરણશિક્ષણઅનેસામાન્યશિક્ષણવચ્ચેનોતફાવત વગેરે.

3. ભારતીયગ્રામીણસમાજનીમુખ્યપ્રણાલીસયુંકત કુંટુંબ, જ્ઞાતિપ્રથા, ધર્મઅને તેતૂટવાનાકારણો.

4. ભારતની ગ્રામીણસમાજનીજરૂરિયાતોનુંવર્ગીકરણ,માનવરસઅથવાહિતો, માનવીનારસનેઅસરકરતાં પરિબળો.

5. વિસ્તરણદ્વારામાનવજરૂરિયાતઉકેલવાનુંમુખ્યકાર્ય, જરૂરિયાતઅંગેમેઝોલોનોકોટિક્રમ વગેરે.

**પ્રત્યક્ષ કાર્ય** :

1. ગામનીમુખ્ય સમસ્યાઓ સર્વેક્ષણ દ્વારા જાણે અને તેનો અહેવાલ બનાવે.
2. ગામમાં ચર્ચા પદ્ધતિ દ્વારા પ્રશ્નોના ઉકેલ મેળવે.
3. ગામમાં સંયુક્ત કુટુંબમાં રહેતા પરિવારોનો અભ્યાસ કરવો.

**સંદર્ભગ્રંથો** :


1. કૃષિવિસ્તરણશિક્ષણ – ઈશ્વરભાઈપટેલઅનેઅન્ય. યુનિવર્સિટીગ્રંથનિર્માણબોર્ડ, અમદાવાદ
2. વિસ્તરણશિક્ષણ - શ્રી બાબુભાઈ અવરાણી, અનડા પ્રકાશન, અમદાવાદ.
3. ભારતમાંગ્રામવિકાસ – શ્રીબાબુભાઈઅવરાણી, અનડા પ્રકાશન, અમદાવાદ.
4. ગ્રામીણ અને નગર સમાજશાસ્ત્ર - એ.જે. શાહ અને જે. કે.દવે - અનડા પ્રકાશન, અમદાવાદ.

5. ભારતમાં ગ્રામીણ વિકાસનાંસામાજીક પાસાં - એ.જે. શાહ અને જે. કે.દવે - અનડા પ્રકાશન, અમદાવાદ.
6. ભારતની સામાજિક સંસ્થાઓ એ.જે. શાહ અને જે.કે. દવે - અનડા પ્રકાશન–અમદાવાદ.
7. ગ્રામીણ વિકાસ - ડો. પારૂલજોષી - અનડાપ્રકાશન –અમદાવાદ.
8. ગ્રામિણ વિકાસ (હિન્દી) સિદ્ધાંત - નીતિયા – પ્રબંધનડૉ.કટારસિંહ- Rawat Publication, Jaipur
9. કૃષિ ગોવિદ્યા માસિક - કૃષિ વિશ્વ વિદ્યાલય, આણંદ
10. Extension and Ccommunication forDevelopment of O.PDahama&O.P. Bhatnagar Oxford&I.B.H. publishing co PVT LTd.
11. Extension Education and RuralDevelopmentSanthaGovind andG.Tamilselvi and other Agrobios(India), Jodhpur

**બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)**

**SEMESTER-1** **Major Course - MJ 102**

**SUBJECT- ગ્રામવિસ્તરણ(Rural Extension)**

**CREDIT- 4**

**હેતુઓ** :

1. વિસ્તરણ પ્રવૃત્તિ માટે લોકોનો સહકાર કઈ રીતે પ્રાપ્ત કરવો તે વિદ્યાર્થી જાણે સમજે.
2. ગ્રામજનોને પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેતા કરવા માટે અભિપ્રેરિત ( Motivation ) કરવા જરૂરી છે. તેને રીતો વિદ્યાર્થીઓ જાણે સમજે .
3. ગ્રામજનો કઈ રીતે નવી બાબતો રાખે છે અને નવા વિચારો અપનાવે છે તેની સમજ વિદ્યાર્થી કેળવે.

**અભ્યાસક્રમ (સૈદ્ધાંતિક)** :

1.વિસ્તરણકાર્યમાં લોક સહકાર મેળવવાની રીતો (અ)વ્યક્તિગત સંપર્ક (બ)જૂથ સંપર્ક (ક) સમૂહ સંપર્કપદ્ધતિના ઉપયોગ દ્વારા (ડ) ગ્રામ સમાજના કાર્યોમાં લોકોની ભાગીદારી દ્વારા.

2. ગ્રામજનોને અભિપ્રેરિત (Motivation)કરવાની રીતો,અભિપ્રેરણા એટલે શું ? અભિપ્રેરણાના સિદ્ધાંતો, પ્રકારો.

3. શીખવાની પ્રક્રિયા : શીખવું, શીખવાની પ્રક્રિયાના સિદ્ધાંતો, શીખવાનાં માનસિક પગથિયાં, શીખવાની પ્રક્રિયાઓ, શીખવાનો ગ્રામજનોને અનુભવ અને માનવ કેવી રીતે શીખે છે? વગેરે.

4. વિસ્તરણ કાર્યમાં અનુસરણ કાર્ય(ફલો અપ વર્ક) અનુસરણ કાર્યનું મહત્વ, અનુસરણ કાર્યમાં ખ્યાલમાં રાખવાની બાબતો.

5. ગ્રામજનો દ્વારા નવા વિચારો , પ્રવૃતિઓને અપનાવવાની પ્રક્રિયા, અપનાવવું એટલે શું? અપનાવવાની પ્રક્રિયાના માનસિક પગથિયા, અપનાવનાર ખેડૂતોની વ્યક્તિગત ખાસિયતો.

**પ્રત્યક્ષ કાર્યો**:

1.ગ્રામજનોસાથેમીટીંગ કરવી, તેમનાપ્રશ્નનો જાણવા અને તેની વિસ્તૃત નોંધ તૈયાર કરવી.

2. શેરી નાટક દ્વારા સામાજીક દૂષણની વાત ગ્રામજનો સમક્ષ મૂકવી અને ગ્રામજનોના પ્રતિભાવો જાણવા.

3. ગામમાં બે વ્યક્તિ(અભણ)પસંદ કરી 15 દિવસ સાંજે તેમને ભણાવવા અને તેનો દૈનિક અહેવાલ બનાવવો.

**સંદર્ભ ગ્રંથો** :


1.વિસ્તરણ શિક્ષણ - શ્રી બાબુભાઈ અવરાણી, અનડા પ્રકાશન, અમદાવાદ.

2. કૃષિ વિસ્તરણ શિક્ષણ - ઈશ્વરભાઈ પટેલ અને અન્ય. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

3. લોક સહયોગ થી વિકાસ ભણી - અનિલ શાહ નવભારત સાહિત્ય મંદિર – અમદાવાદ

4. ગ્રામ સ્વ વિકાસ : રોલેન્ડ બંચ - અનુવાદ બાબુભાઈ અવરાણી - અનડા પ્રકાશન, અમદાવાદ

6. કૃષિ ગોવિદ્યા માસિક, કૃષિ વિશ્વ વિદ્યાલય, આણંદ

7. Extension and Ccommunication for DevelopmentO.P.Dhammu& Happy Bhatnagar Oxford and IBHpublishing Co-Pvt Ltd

8. Agriculture Extension impact and Assessment A.K. Singh Agrobios(India)Jodhpur

9.Extension Education and RuralDevelopmentSantheGovind and G. TamilsevliAgrobios India Jodhpur

## બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)

**SEMESTER-1** **Major Course - MJ 101**

**SUBJECT-ગ્રામ વિકાસ અને વ્યવસ્થાપન(Rural Development & Management)**

**CREDIT- 4**

**હેતુઓ:**

વિદ્યાર્થીભારતીય અર્થતંત્રમાં ગ્રામીણ વિકાસનું મહત્વ સમજે અને અત્યાર પર્યન્ત અમલમાં આવેલી નીતિઓ અને કાર્યની જાણકારી મેળવે. જેથી, ગ્રામીણ વિકાસ અંગે વિદ્યાર્થી સજ્જતા કેળવે.

**અભ્યાસક્રમ (સૈદ્ધાંતિક) :**

**1.ગ્રામ વિકાસ:**

1. વિકાસનોઅર્થ, લક્ષણો, ગ્રામવિકાસનીપરિકલ્પનાઅનેઅર્થ, ગ્રામવિકાસનામાપદંડો વગેરે.
2. ગ્રામવિકાસનું ભારતીય અર્થતંત્રમાં મહત્વ.
3. ગ્રામ વિકાસના પાયાના પ્રશ્નો, અવરોધક પરિબળો તેની અસર.
4. ગ્રામ વિકાસને વેગ આપતા પરિબળો અને તેની અસર.

**2.ગ્રામવિકાસનાઅભિગમો:**

1.મહાત્માગાંધીજીનાઅભિગમનોખ્યાલવર્તમાનસમયમાંએનુંમહત્વ.
2. સર્વોદય અભિગમનો ખ્યાલ વર્તમાન સમયમાં તેનું મહત્વ.
3. ભૂદાન અને ગ્રામદાન અભિગમો.
4. આયોજન અભિગમ તેનો પ્રારંભ ઉદ્દેશ, આયોજન પંચ અને સમિતિનું માળખું અને કાર્ય નીતિ આયોગ.

**3.આયોજનઅનેગ્રામ વિકાસ:**

1.પંચવર્ષીયયોજનાનોઇતિહાસ
2. છેલ્લીત્રણપંચવર્ષીયયોજનાઓમાંગ્રામીણવિકાસનીજોગવાઈઓઅનેતેનાપરિણામો, અસરો.
3. ગ્રામવિકાસમાંપંચવર્ષીયયોજનાઓનીભૂમિકાવગેરે.

**4. જિલ્લાગ્રામવિકાસએજન્સીદ્વારાચાલતાગ્રામવિકાસનાકાર્યક્રમો:**

વિવિધગ્રામવિકાસકાર્યક્રમોઅનેયોજનાઓનીજાણકારી

**5. ગ્રામવિકાસનીયોજનાઓ:**

મનરેગા, સંપૂર્ણ સ્વચ્છતાઅભિયાન તથા વોટરશેડ કાર્યક્રમની યોજનાઓ , જોગવાઈ , લાભાર્થી,અમલ અને વ્યવસ્થાપન, તેમાં અપાતા લાભો.

**પ્રત્યક્ષ કાર્યો** :

1.તાલુકાપંચાયતદ્વારાચાલતાજિલ્લાગ્રામવિકાસએજન્સીનાગ્રામવિકાસકાર્યક્રમોનીયોજનાઓનીમાહિતી મેળવવીતાલુકાપંચાયતનીકચેરીનીમુલાકાત.

2. વોટરશેડ,મનરેગા,આવાસયોજના, સ્વચ્છતામિશનકાર્યક્રમમુલાકાતઅભ્યાસ.

3. ગ્રામપંચાયતનીમુલાકાત, વિકાસઆયોજનઅનેગ્રામસભાનાકાર્યો, સત્તા અધિકારો સમજવા વિવિધ સમિતિઓ વિશે માહિતી મેળવવી.

**સંદર્ભગ્રંથો** :


1. ભારતમાંગ્રામવિકાસ - પ્રો એ.જી. શાહ અને જે. કે.દવે અનડા પ્રકાશન, અમદાવાદ.
2. ગ્રામીણ વિકાસ - ડો. પારૂલજોષી અનડાપ્રકાશન, અમદાવાદ.
3. ભારતમાં ગ્રામીણ વિકાસનાંસામાજીક પાસાં - એ.જી. શાહ અને જે. કે.દવે અનડા પ્રકાશન , અમદાવાદ.
4. ભારતીય ગ્રામ અર્થતંત્ર (વિકાસના પરિપ્રેક્ષ્યમાં) - દિલીપ શાહ – યુનિવર્સિટીગ્રંથનિર્માણબોર્ડ, અમદાવાદ
5. વિસ્તરણશિક્ષણ - શ્રી બાબુભાઈ અવરાણી, અનડા પ્રકાશન, અમદાવાદ.
6. ગ્રામીણ વિકાસ સિદ્ધાંતનીતિયા(હિન્દી)– પ્રબંધનડૉ.કટારસિંહ- Rawat Publication, Jaipur
7. ગ્રામીણસમાજશાસ્ત્ર(હિન્દી) ડો. સુધાકર પાઠક Magnet book pvt Ltd.
8. Rural Development in India B.C. Barik Astha Publication- New Delhi

## બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)

**SEMESTER-1** **Major Course - MJ 102**

**SUBJECT-ગ્રામ વિકાસ અને વ્યવસ્થાપન (Rural Development &Management)**

**CREDIT- 4**

**હેતુઓ** :

વિદ્યાર્થીઓ ભારતમાં ગ્રામ વિકાસ વ્યવસ્થાપનનું માળખું સમજે તથા વ્યવસ્થાપનની જરૂરિયાત મહત્વ સમજે. જેથી, ગ્રામ વિકાસ કાર્યક્રમોને ઉચિત દિશા આપી શકાય.

**અભ્યાસક્રમ(સૈદ્ધાંતિક)** :

**1.ગ્રામ વિકાસ વહીવટ અને વ્યવસ્થાપન:**

1. વહીવટ અને વ્યવસ્થાપનની વ્યાખ્યા, અર્થ મહત્વ.
2. વહીવટ અને વ્યવસ્થાપન વચ્ચેનો તફાવત.
3. વ્યવસ્થાપનના કાર્યો.
4. વહીવટના પ્રકાર, કાર્યક્ષેત્ર સિદ્ધાંતો.

**2.ગ્રામવિકાસ કાર્યક્રમનું વ્યવસ્થાપન:**

1. ભારતમાં ગ્રામ વિકાસનો સરકારી માળખું વિભાગ કેન્દ્ર તથા રાજ્યસ્તરે.
2. પંચાયતી રાજમાં ગ્રામ વિકાસ વ્યવસ્થાપન ગ્રામ પંચાયત તાલુકા પંચાયત જિલ્લા પંચાયત માળખું ભૂમિકા.

**3. જિલ્લા સ્તરે તથા તાલુકા સ્તરે ગ્રામ વિકાસ વ્યવસ્થાપન:**

1. જિલ્લા વિકાસ એજન્સીનું માળખું, હેતુ અને ગ્રામ વિકાસમાં ભૂમિકા.
2. ટ્રાયબલ સબપ્લાન વ્યવસ્થાપન, હેતુ, કાર્યક્રમોનું વ્યવસ્થાપન, ટ્રાયબલની વિવિધ યોજનાઓનું સ્વરૂપ, જોગવાઇઓ વગેરે.

**4.ગ્રામીણ સમુદાયોના વિકાસ માટેનું વ્યવસ્થાપન:**

1.નિગમોની ગ્રામ વિકાસમાં ભૂમિકા સત્તાધિકારો.

2. ટ્રાયબલ ડેવલપમેન્ટ, રણવિસ્તાર,પહાડી વિસ્તાર, કાંઠા વિસ્તાર વિકાસ માટેનું વ્યવસ્થાપન માળખું અને કામગીરી.

**એકમ 5 :- ગ્રામ વિકાસના નવા અભિગમો તેના ખ્યાલ અર્થ લાક્ષણિકતા અને મર્યાદાઓ .**

1.વ્યવસાયિક

2.પ્રવાસન

3.ગૃહ ઉદ્યોગ

4.અન્ય નવા અભિગમો

**પ્રેક્ટીકલ**

1.જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ની મુલાકાત માળખું સમજવું ભૂમિકા જાણવી તથા અમલમાં હોય તે યોજનાઓ વિશે માહિતી મેળવવી.

2.જિલ્લા તાલુકા સ્તરે ગ્રામ વિકાસ યોજના વ્યવસ્થાપન માળખું સમજવું વિભાગોની મુલાકાત લેવી.

3.તાલુકા પંચાયત જિલ્લા પંચાયતનું વ્યવસ્થાપન માળખું સમિતિ વગેરે વિશે માહિતી મેળવવી ટ્રાયબલ સબપ્લાનનું વ્યવસ્થાપન માળખું તેના ઉદ્દેશો તથા વિવિધ કાર્યક્રમો (યોજના)ઓ વિશે જાણકારી મેળવવી.

**સંદર્ભ ગ્રંથો** :-

1.ભારતમાં ગ્રામ વિકાસ પ્રો.એ.જી.શાહ તથા પ્રો. જે.કે .દવે  અનડા પ્રકાશન -  અમદાવાદ.

2.ભારતમાં ગામ વિકાસના સામાજિક પાસા - એ.જે. શાહ અને જે. કે.દવે - અનડા પ્રકાશન – અમદાવાદ.

3.ભારતીય ગ્રામ અર્થતંત્ર (વિકાસના પરિપ્રેક્ષ્યમાં) - દિલીપ શાહ – યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ - અમદાવાદ

4.વિસ્તરણ શિક્ષણ ભાગ – 1,2  શ્રી બાબુભાઈ અવરાણી, અનડા પ્રકાશન -  અમદાવાદ.

5.કુદરતી સંપત્તિ વિકાસ - શ્રી બાબુભાઈ અવરાણી, અનડા પ્રકાશન -  અમદાવાદ.

6.ભારતમાં ગામ વિકાસ અને નિયોજન

7.ગ્રામીણ વિકાસ -  ડો. પારૂલ જોષી -  અનડાપ્રકાશન – અમદાવાદ.

8.પંચાયત પરિચય ગુજરાત - બીપીનચંદ્ર વૈષ્ણવ - નવસર્જન પબ્લિકેશન - અમદાવાદ

9.આધુનિક મેનેજમેન્ટ નવા પ્રવાહો - ધવલ મહેતા - નવભારત સાહિત્ય મંદિર

10.મેનેજમેન્ટ આધુનિક અભિગમ - ધવલ મહેતા - ભારત સાહિત્ય મંદિર - અમદાવાદ

**બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)**

**SEMESTER -1** **Major Course - MJ 101**

**SUBJECT- બાગાયત(Horticulture)**

**CREDIT- 4**

**હેતુઓ** :- આ વિષયના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને બાગાયતના વિવિધ મુદ્દાઓની જાણકારી અને સમજ મેળવે. જેથી, તેઓ ગામના બાગાયત સંદર્ભે પ્રશ્નનો સમજીને તેમનો ઉકેલ મેળવી શકે. વધુમાં આ વિષયની જાણકારી મેળવે. વિદ્યાર્થી પોતે બાગાયત સંબંધિત કાર્યો સ્વતંત્ર રીતે કરી તેમની આર્થિક સ્થિતિમાં સુધારો લાવી શકે.

**અભ્યાસક્રમ (સૈદ્ધાંતિક)** :

1. વનસ્પતિ જીવનનો પરિચય, લાક્ષણિકતા, ખૂબીઓ, વનસ્પતિનું વર્ગીકરણ વગેરે.

2. માનવજીવનના ખોરાકમાં ફળોનું મહત્વ : આહાર અને પોષક, પૂરક ખોરાક તરીકે ફળો.

3. બાગાયત વિષયના પાયાના શબ્દોની સમજ

વ્યાખ્યા અને સમજૂતી :

(1) બાગાયત (2) ફળવિદ્યા (3) શાકભાજી વિજ્ઞાન (4) ફૂલોની ખેતી (5) જંગલો (6) બગીચો (7) મોસમી ફૂલો (8) વર્ષાયૂ ફૂલો (9) ગ્રીનહાઉસ (10) જૈવિક ખતરો (11) વનસ્પતિ અંતઃસ્ત્રાવો(હોર્મોન્સ) (12) આંખકલમ (13) દાબ કલમ (14) કલમ (15) નર્સરી.

4. ફળ ઉછેર માટે સ્થળની પસંદગીની પ્રાથમિક બાબતો આબોહવા,જમીન, પાણી અને બીજી સગવડતાઓ.

5. ફળપાકોનું મહત્વ અને ગુજરાતમાં હાલના બાગાયતી પાકોની સ્થિતિ.

પૌષ્ટિકતાની દ્રષ્ટીએ, આર્થિક દ્રષ્ટીએ, પડતર જમીનના વપરાશ, વિદેશી હૂંડિયામણની દ્રષ્ટીએ, ફળફળાદીઆધારિત ઉદ્યોગની દ્ષ્ટીએ, રોજગારની તકો વધારવા, જુદાજુદા હવામાન અને ભૌગોલિક વિસ્તારોના ઉપયોગની દ્ષ્ટીએ, સહકારી સંસ્થા અને બજારની દ્રષ્ટીએ.

**પ્રત્યક્ષ કાર્યો** :

1. કોલેજ કેમ્પસની જુદી જુદી વનસ્પતિની ઓળખ કરવી.

2. જુદા જુદા ફળોમાં રહેલા પોષકતત્વોની જાણકારી મેળવવી.

3. નજીકના પ્રગતિશીલ ખેડૂતની ફળવાડીની મુલાકાત લેવી.

**સંદર્ભ ગ્રંથો** :

1. ફળવિદ્યા - શ્રી બાબુભાઈ અવરાણી, શ્રી ઈસ્માઈલના ગોરી - યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
2. ફળ ઝાડ - શ્રી બાબુભાઈ અવરાણી, અનડા પ્રકાશન, અમદાવાદ.
3. સામાન્ય કૃષિ વિજ્ઞાન - ડો. છોટુભાઈ જે .પટેલ - યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
4. શાકભાજી વિજ્ઞાન બાબુભાઈ અવરાણી - અનડા પ્રકાશન, અમદાવાદ
5. સામાન્ય વૃક્ષો - ડો.એસ. શાંતાપાઉ - નેશનલ બુક ટ્રસ્ટ ઇન્ડિયા, નવી દિલ્હી
6. કૃષિ ગોવિદ્યા માસિક - કૃષિ વિશ્વ વિદ્યાલય, આણંદ

**બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)**

**SEMESTER-1** **Major Course - MJ 102**

**SUBJECT-બાગાયત (Horticulture &Forestry)**

**CREDIT- 4**

**હેતુઓ** :

1. વિદ્યાર્થી જંગલોનું પાયાનું જ્ઞાન મેળવે.

2.વિધાર્થીઓ ગુજરાતના જંગલ વિસ્તારોની જાણકારી મેળવે.

3.પર્યાવરણની દ્દષ્ટીએ વૃક્ષોનું મહત્વ સમજે.

**અભ્યાસક્રમ (સૈદ્ધાંતિક)** :

1.જંગલો (વનો) અર્થ, મહત્વ અને ઉપયોગીતા વગેરે.

2.ગુજરાતના જંગલો :1.ઉત્તર ગુજરાતના જંગલો 2.મધ્ય ગુજરાતના જંગલો 3.દક્ષિણ ગુજરાતના જંગલો 4.ગીરના જંગલો

3. જંગલની મુખ્ય અને ગૌણ પેદાશો :

1.મધ 2.લાખ 3.રેઝીન(ગુંદર) 4.વાંસ 5.તિમરુ પાન

4.જંગલના વૃક્ષોનીઔષધિય ઉપયોગીતાઓ:

1.વાંસ2.ખેર 3.સાગ 4.સીસમ5.બાવળ 6.મહુડો 7.લીમડો 8.ચંદન 9.અર્જૂન 10.સાદડ 11.આમળા 12.હરડે 13.બહેડાં

5.જંગલ સંરક્ષણ :

1.આગથી 2.પ્રાણીઓથી 3. માનવજાતથી 4.રોગ – જિવાતોથી5.પરોપજિવીઓથી

6.જંગલના વૃક્ષોની વૈજ્ઞાનિક ખેતીપદ્ધતિ :

1.દેશી બાવળ 2.રતનજયોત (જેટ્રોફ઼)3.લીમડો

**પ્રત્યક્ષ કાર્યો** :

1. નજીકના જંગલ વિસ્તાર મુલાકાત લઇ લાક્ષણિકતાઓ સમજે.

2.જંગલની ગૌણ પેદાશોની ઓળખ કરી ઉપયોગીતાઓ સમજે.

3.જંગલના જુદા જુદા વૃક્ષોને ઔષધિય ઉપયોગીતાઓ સમજે.

**સંદર્ભ ગ્રંથો** :

1.ભારતના જંગલો – અગ્રવાલ વી.પી. (1985)

2.ભારતના જંગલો – દ્રિવેદી એ.પી. (1980)

3.વૃક્ષોની ખેતી – આણંદ કૃષિ યુનિવર્સીટી – આણંદ

**બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)**

**SEMESTER-1** **Minor Course : ME -101**

**SUBJECT- ભારતીય ગ્રામીણ અર્થતંત્ર(Indian Rural Economics)**

**CREDIT- 4**

**હેતુઓ:**

ગ્રામ અભ્યાસના વિદ્યાર્થીઓ ગ્રામી ણ આર્થિક માળખું અને તેના જુદા જુદા ઘટકોથી પરિચિત થાય. જેમાં ગ્રામીણ આર્થિક પ્રવૃત્તિઓ, કૃષિ અને આનુષાંગિક બાબતો,ગ્રામ અર્થતંત્રના પ્રશ્નો જેવા કે વસ્તી,ગરીબી, દેવા અને ગ્રામ મજૂરો વિશેની જાણકારી તેમજ સમજ કેળવે.

**અભ્યાસક્રમ (સૈદ્ધાંતિક)** :

1.અર્થશાસ્ત્રની વ્યાખ્યા, કાર્યક્ષેત્ર અને મહત્વ,ઉત્પાદનના સાધનો,તૃષ્ટીઓ,બજાર,માંગ, પૂરવઠો, પ્રાથમિક, દ્વિતિય, તૃતીયક્ષેત્ર સ્તર, અર્થશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો.

2.આવકની અસમાનતા, ગરીબી, નિરપેક્ષ અને સાપેક્ષ ગરીબી,વસ્તી અને બેકારી વચ્ચેના આંતર સંબંધો.

3.ગ્રામ અર્થતંત્ર અને તેનું મહત્વ , બ્રિટિશ શાસનકાળ દરમ્યાન કૃષિતંત્ર , સંસ્થાકીય જમીન સુધારણા, તેનો અમલ અને અસરકારકતા,ટેકનોલોજી જમીન સુધારણા અને તેની મર્યાદાઓ.

4. ગ્રામીણ મજૂર , તેના અલગ જૂથો,તેના આગવા પ્રશ્નો,સ્ત્રી મજૂર,બાળમજૂર , સ્થળાંતરિત મજૂર,બંધવા મજૂર.

5. ખેત મજૂરોનો પ્રકાર અને તેનું વર્ગીકરણ,દેવાની વ્યાખ્યા,સ્વરૂપો,પ્રમાણસ્ત્રોત હેતુઓ.

**સંદર્ભ ગ્રંથ** :

1.અર્થશાસ્ત્ર આરંભ પ્રો. બાબુભાઈ સી.પટેલ સી જમનાદાસની કંપની

2.ભારતમાં ગ્રામ વિકાસ -બાબુભાઈ અવરાણી, અનડા પ્રકાશન, અમદાવાદ

3.શ્રમનું અર્થશાસ્ત્ર - પ્રો.રોહિત શુક્લા

4.ભારતમાં ગરીબી - પ્રો.રોહિત શુક્લા

5.કૃષિ અર્થશાસ્ત્ર -રતિલાલ જેઠાભાઈ પટેલ, અનડા પ્રકાશન,અમદાવાદ

6.વ્યવસાયિક સમાજકાર્યનાં આધાર સ્તંભ -આનંદીબેન પટેલ –વ્યવસાયિક અભિવૃતિ પ્રકાશન, આંગન ટાવર, અમદાવાદ

7.Extension Education and Rural Development SanthaGovind, G.Tamilselvi andother.Agrobias (India) - Jodhpur

**બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)**

**SEMESTER-1** **Int.Disci. 101/A**

**SUBJECT- ક્ષેત્ર વ્યવસ્થાપન(FarmManagement)**

**CREDIT-4**

**હેતુઓ** :

1.ભારતીય કૃષિ વિકાસ વ્યવસ્થાપનનો અભ્યાસ કરશે.

2.સફળ ખેતી માટેના પાયાના સિદ્ધાંતો અને વૈજ્ઞાનિક પાસાંઓથી માહિતગાર થાય.

3. ખેતીના પ્રકારથી વાકેફ થાય.

4. ખેતીની વિવિધ પદ્ધતિઓની જાણકારી મેળવે.

5. ક્ષેત્ર સંબંધિત બાબતોની જાણકારી મેળવે.

**અભ્યાસક્રમ (સૌદ્ધાંતિક)** :

**1. ક્ષેત્ર વ્યવસ્થા**:

પ્રસ્તાવના, વ્યાખ્યા,ક્ષેત્ર વ્યવસ્થા નાહેતુઓ,ઇતિહાસ, ખેતી વ્યવસાય વિકાસના માર્ગો, ખેતી વ્યવસાય બીજા ઉદ્યોગો કરતા કઈ રીતે અલગ પડે છે, ક્ષેત્ર વ્યવસ્થાના પ્રશ્નો, ક્ષેત્ર વ્યવસ્થાના આર્થિક સિદ્ધાંત વગેરે.

**2.ખેતીનાપ્રકાર**:

પ્રસ્તાવના, ખેતીના પ્રકારની વ્યાખ્યા , ખેતીના પ્રકારનું વર્ગીકરણ કરવાની પદ્ધતિઓ,ખેતીના પ્રકાર નક્કી કરતાઘટકો.

**3. ખેતી પદ્ધતિઓ**:

કૌટુંબિક ખેતી, મૂડીવાદી ખેતી, સહકારી ખેતી, સહકારી ખેતી મંડળીઓના પ્રકાર, સામૂહિક ખેતી અને સહકારી ખેતી, ગણોતિયા ખેતી વગેરે.

**4.ક્ષેત્રની પસંદગી અને ખરીદી**:

ક્ષેત્રની પસંદગીમાં ભૌતિક, આર્થિક, સામાજીક અને સૂક્ષ્મ જંતુજન્ય પરિબળો, જમીનની કિંમત આંકવાની પદ્ધતિઓ વગેરે.

**5. ક્ષેત્ર ઉપર મકાન વ્યવસ્થા** :

મકાન માટે આયોજન, મકાનની ગોઠવણીને અસર કરતાં ઘટક, ક્ષેત્ર ઉપર જુદાજુદા કદના જરૂરી મકાન વગેરે.

**6. ક્ષેત્ર આયોજન :**

ક્ષેત્ર આયોજન, ક્ષેત્ર પરના રસ્તા અને વાડ, ખંડ વિશે સમજ, રસ્તા, રસ્તાની વિશિષ્ટતા, રસ્તા પરના વૃક્ષો અને તેનું સંરક્ષણ, ક્ષેત્ર વાડ, તેના પ્રકાર વિશે વિગતે સમજ વગેરે.

**પ્રત્યક્ષ કાર્યો** :-

1.સ્થાનિક ક્ષેત્ર વ્યવસ્થાપક સાથે ચર્ચા, પ્રશ્નોત્તરી અને કોઈ એક પ્રત્યક્ષ ક્રિયામાં ભાગીદારી.

2.ક્ષેત્ર પ્રયોગ સંદર્ભે પ્લોટ પડાવવા.

3. જુદીજુદી ખેતીના પ્રકારોથી ખેતી કરતા ખેડૂતોની મુલાકાત કરાવવી.

4. જુદીજુદી ખેતી પદ્ધતિઓથી થતી ખેતીની રૂબરૂ મુલાકાત કરાવવી.

5. આધુનિક ક્ષેત્ર ઓજારોની મસજ આપવી.

**સંદર્ભ ગ્રંથો** :-

1. ક્ષેત્ર વ્યવસ્થા અને ખેતી હિસાબ - શ્રી સી.એચ. પટેલ અને શ્રી પી.પી. વિહોલ

2. કૃષિ ઇજનેરી – શ્રી બાબુભાઇ અવરાણી, અનડા પ્રકાશન, અમદાવાદ.

3. કૃષિ ગોવિદ્યા સામાયિક, આણંદ કૃષિ વિશ્વ વિદ્યાલય, આણંદ.

4. એગ્રી. સાયન્સ – શ્રી એમ.ટી.મહેતા

બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ **(BACHELOR OF RURAL STUDIES)**

**SEMESTER-1** **Int. Disci. 101/B**

SUBJECT- ગ્રામવ્યવસ્થાપન**(Rural Management)**

**CREDIT- 4**

**હેતુઓ** :

1. વિદ્યાર્થીઓ ભારતનું ગ્રામ વિકાસનું માળખું સમજે .
2. વિદ્યાર્થીઓ ગ્રામ વિકાસની જરૂરિયાત ,તેના મહત્વને સમજે જેથી ગ્રામ વિકાસ ના કાર્યક્રમોને ઉચિત દિશા આપી શકાય.

**અભ્યાસક્રમ** :

**1. ગ્રામ વિકાસનો પરિચય:**

1.1 પરિચય, વિકાસનો અર્થ, વિકાસના લક્ષણો ,વિકાસશીલ દેશોની લાક્ષણિકતાઓ, ટકાઉ વિકાસ, ટકાઉ વિકાસના માપકો, ગ્રામ વિકાસનું મહત્વ.

1.2 ગ્રામવિકાસનો અર્થ, ગ્રામવિકાસની યોજનાઓ અને કાર્યક્રમો, ગ્રામવિકાસની કાર્યનીતિઓ, ગ્રામવિકાસની કાર્યનીતિના પ્રકાર.

**2. ગ્રામ વિકાસ અને બેન્કિંગ નીતિઓ :**

1.લીડ બેંક યોજના

2.પ્રાથમિકતાવાળા ક્ષેત્રો

3. વ્યાજના ભિન્નદરની યોજના

4.બેંક ધિરાણનું અન્ય લક્ષ્ય

5.બેંક ધિરાણ પ્રક્રિયામાં પરિવર્તન

6.ગ્રામીણ ક્ષેત્રોમાં વાણિજ્ય અને બેન્કિંગના વિકાસ માટેની સરકારની નીતિઓ

**3.ગ્રામ વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો:**

મહત્વનો ફાળો, સ્રોતોની સમસ્યા, સીમાકારક મુદ્દો , ચેમ્બર ઓફ કોમર્સનો ફાળો , કાર્યક્ષેત્ર છોડવું અથવા બદલવું, ફેક્ટરીથી અંતર, લોકોની સામેલગીરી, સમસ્યાઓ અને સૂચનો, ગ્રામ વિકાસ માટે વડાપ્રધાનનું ભંડોળ, વિવિધ એજન્સીઓને જોડવાની જરૂરી, ગ્રામવિકાસ માટેના પ્રોજેક્ટો વગેરે.

**4. ગ્રામવિકાસના માપદંડો:**

ઉત્પાદનમાં પરિવર્તન, પ્રાકૃતિક સંશાધન, માનવ સંશાધન, મૂડી રોકાણ,સંગઠનાત્મક અનેસંસ્થાગત માળખું, ઔદ્યોગિકરણ, ગ્રામવિકાસ અને તેના માપદંડોનો સંબંધ, પ્રમુખ પદ.

**5. ગ્રામવિકાસમાં પશુપાલનનું મહત્વ:**

1.ગ્રામવિકાસમાં પશુપાલનનો ફાળો

2.માનવવિકાસમાં પશુપાલનનો ફાળો

3.ગ્રામીણ અર્થતંત્રમાં  પશુપાલનનું મહત્વ

4.આર્થિક વિકાસમાં પશુપાલનનું મહત્વ

**સંદર્ભ ગ્રંથો** :

1.ગ્રામીણ વિકાસ -  ડો. પારૂલ જોષી -  અનડાપ્રકાશન, અમદાવાદ.

2.ભારતમાં ગ્રામ વિકાસ-  શ્રી બાબુભાઈ અવરાણી, અનડા પ્રકાશન,અમદાવાદ.

3.ગ્રામીણ વિકાસ(હિન્દીમાં) - કટારસિંહ - રાવત પબ્લીકેશન

4.ધો.10 પશુપાલન - શ્રી બાબુભાઈ અવરાણી, અનડા પ્રકાશન - અમદાવાદ.

5.વ્યવહારું ગોપાલન - કે.સી. શુકલ - યુનિ. ગ્રંથ. બોર્ડ, અમદાવાદ

## બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)

**SEMESTER-1** **AEC 101** **SUBJECT**- ગુજરાતી

### ગુજરાતી ભાષા સામર્થ્ય અને જીવન કૌશલ્ય

**CREDIT-2**

**હેતુ અને પ્રયોજન** : આ પ્રશ્નપત્રના અભ્યાસથી વિદ્યાર્થીઓ ભાષા શીખે, સાચી રીતે લખે અને સર્વાંગી વ્યકિતત્વ વિકાસ થાય.

**1. શબ્દકોશ જોતા શીખવવું.**

(અ)સમાનાર્થી શબ્દો

(બ)વિરુદ્ધાર્થી શબ્દો

(ક)શબ્દ એક અર્થ અનેક

2. નામ, સર્વનામ

3. વિરામચિહ્ન

4. વિચાર વિસ્તાર

**સંદર્ભ ગ્રંથો** :


1.ગુજરાતી સાર્થ જોડણીકોશ, નવજીવન પ્રકાશન, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

2.રૂઢિપ્રયોગ અને કહેવત સંગ્રહ - ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

3.ભગવદ્ ગો.મંડળ ( ભાગ- 1 થી 9) સં: મહારાજા ભગવતસિંહ, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ

4. ગુજરાતી વ્યાવહારિક વ્યાકરણ - અરવિંદ ભાંડારી, પિંકી પંડ્યા, અરુણોદય પ્રકાશન, અમદાવાદ

5.ગુજરાતી શબ્દાર્થકોશ - યોગેન્દ્ર વ્યાસ, અરવિંદ ભંડારી,અરુણોદય પ્રકાશન, અમદાવાદ

6. સાહિત્યયન - બાબુ દાવલણપુરા, પાર્થ પબ્લિકેશન, અમદાવાદ

7. ગુજરાતી વ્યાકરણ પરિચય – ડો.બી.સી.રાઠોડ, ડો.પ્રતિભા શાહ, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ

8. વ્યાકરણવિમર્શ – ઊર્મિ ઘનશ્યામ દેસાઈ, યુનિ.ગ્રંથ. નિ. બોર્ડ, અમદાવાદ

બેચલર ઓફ રૂરલ સ્ટડીઝ **(BACHELOR OF RURAL STUDIES)**

**SEMESTER-1** **SEC 101**

**SUBJECT- Computer Application**

**CREDIT- 2**

**Objectives:**

**Design a course with objectives of**

1. **Studentbecome aware with fundamental knowledge of computer.**
2. **Student gets knowledge of basic term and importance of computer so that it can be Useful in his Further Study.**

**Theory:**

**1. Introduction of computer**

- I. **Definitions**
- II. **History**
- III. **Characteristics of computer (A. speed B. accuracy C. memory capacity D. reliability E. continuous work)**
- IV. **Limitation of computer (electric power, user, program command)**

**2. Basic application of computer.**

**A. Scientific research B. business application C. entertainment D. communication E. Medicine F. engineering G. publication H. banks. I. games J. education K. Accounting L. agriculture**

**3. Component of Computer System**

**(i) Input devises (A. key board B. mouse C. scanner)**

**(ii) Central processing unit (CPU) (A. Memory unit B. control unit (CU) C. Arithmetical and logic unit (ALU))**

**(iii)Output devise**

**A. monitor (VDU, LCD, LED) B. printer (types of printer), C. plotter D. speaker**

**4. Types of computer**

**(i) Analog computers**

**(ii)Digital computer A. micro, B. mini .C. main frame D.Super computer)**

**5. Software**

**(i) Application software (word. Excel, Power Point. Tally etc.)**

**(ii) System software**

**(iii) Computer language (brief)**

**6. Type of memory**

**(i) Internal memory (primary memory)**

**(ii) External memory (secondary memory)**

**(Floppy Disk, hard Disk, CD, DVD, Pen drive, magnetic tap)**

**7. Virus and Antivirus**

- **(i) What is Virus?**
- **(ii) Characteristic of Virus.**
- **(iii) Types of Virus.**
- **(iv) How the Virus Enters.**
- **(v) How to prevent the Virus.**
- **(vi) Antivirus software.**

**References:-**

**1. Basic Computer Application – H. B. Bhadka, Dr. N.N. Jani, Dr. G. R. Kulkarni**

**2.ComputerParichay – Computer Jagat**

**3.Computer Fundamentals**

**4.CCC+ -Computer world**

બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ (BACHELOR OF RURAL STUDIES)

**SEMESTER-1**

**SUBJECT**- ભારતીય જ્ઞાન પરંપરાનો પરિચય

**CREDIT-2**

**1. ભારતીયજ્ઞાન પ્રણાલી અનેપરંપરા**

1. ભારતનાંસ્વનો સાક્ષાત્કાર.
2. ગૌરવશાળી ભારત અને તેની જ્ઞાન પરંપરા.
3. ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાની મહાયાત્રા.
4. ભારતીય જ્ઞાન પરંપરાનો વિશ્વ સંચાર અને વિશ્વને ભારતનું યોગદાન.
5. ભારતમાં જ્ઞાન અને વિજ્ઞાનની ઉજ્જવળ પરંપરાનો આલેખ.

**2. ભારતીય જ્ઞાન પરંપરામાંજીવન દર્શન.**

1. ભારતીય જ્ઞાન પરંપરામાં જીવનદ્રષ્ટિ અને દર્શન.
2. ભારતીય જ્ઞાન પરંપરામાં નિહીત વિભાવનાઓ.
   - જન્મ મરણ, જીવન પુન:જન્મ, કર્મનો સિદ્ધાંત, સુખની અવધારણા, આદર્શજીવન, પુણ્ય-પાપ, મોક્ષ.
3. ભારતીય જ્ઞાન પરંપરામાં માનવીય સમાજ માટેની દ્રષ્ટિ.
4. સહઅસ્તિત્વ, ઉપવાસનાનું વૈવિધ્ય, પ્રકૃતિ અંગેના વિચાર.
5. વિશ્વ કલ્યાણની ભાવનાથી વસુધૈવ કુંટુમ્બકમનાં ઉત્કર્ષ સુધી.
6. ભારતીય વાંગ્મય અને સમાજ જીવન પદ્ધતિમાં રહેલ જ્ઞાનપરંપરા.
7. ભારતીય જ્ઞાન પરંપરામાં નિહીત ચાર પુરુષાર્થ.

- **ઉદ્દેશ્યો** :

1.વિદ્યાર્થીઓમાં ભારતીય જ્ઞાન પ્રણાલીના પરિપ્રેક્ષ્ય ની સમજ કેળવાય અને તેના વિશે સ્વીકૃતિનો ભાગ કેળવાય.

2.વિદ્યાર્થીઓને ભારતના મૂળભૂત સત્વનો ખ્યાલ સ્પષ્ટ થાય અને ભારતીય અસ્મિતા શું છે તેનાથી પરિચિત કરવા.

3. આપણા પરંપરાગત જ્ઞાન અને તેના ખ્યાલની સમજ કેળવવી.

4. ભારતીય જ્ઞાન પ્રણાલી પર ચર્ચા, વિચારોનું આદાન-પ્રધાન અને જોડાણ માટે પ્લેટફોર્મ પુરું પાડવા માટે.

5.સમાજ અને શિક્ષણમાં ભારતીય જ્ઞાન પ્રણાલીઓની સમકાલીન સુસંગતતા અને આવશ્યકતા વિશે જાગૃત કરવા.

6.સમાજ અને શિક્ષણમાં ભારતીય જ્ઞાન પ્રણાલી અને સુસંગતતા અને આવશ્યકતા વિશે જાગૃત કરવા.

7.ભારતીય જ્ઞાનનાં રક્ષણની જરૂરિયાત વિશે અને તેનાં મહત્વને જાણવા પ્રત્યે સંવેદનશીલ માનસ કેળવવું.

❖ **અધ્યયન નિષ્પત્તિ**:

1. વિદ્યાર્થીઓમાં ભારતિય જ્ઞાન પ્રણાલી નિમણભૂત બાબતોની સમજ અને કેળવાશે તથા તેની સુસંગતતા અને વિવિધ ક્ષેત્રોમાં તેની ઉપયોગીતા વિશે જાગૃતિ આવશે.
2. આ અધ્યયન સંબંધિત શૈક્ષણિક શાખાઓના ભાવેશ સંશોધનોમાં અને તેની વર્તમાન ઉપયોગીતામાં પણ પ્રેરણારૂપ થશે.
3. IKS, વિદ્યાર્થીના સર્જનાત્મક કૌશલ્યને તથા નવીનતમ વિચારને પ્રેરિત કરશે.
4. વધુમાં, તે વિદ્યાર્થીઓને તેમનો આત્મવિશ્વાસ વધારવામાં મદદ કરશે.
5. આ અધ્યયન દ્વારા વિદ્યાર્થી વધુ ખુલ્લા મનથી વિચારતો થશે તથા તેનામાં વધેલાઆત્મવિશ્વાસથી તેમની સૌંદર્યલક્ષી સર્જનાત્મકતામાં વધારો થશે.

❖ **સંદર્ભ ગ્રંથો**:


1.કપૂર કપિલ સિંહ અવધેશ (2021) ""ઇન્ડિયન નોલેજ સિસ્ટમ વોલ્યુમ- III। અને ॥",ઇન્ડિયન II" ઇન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ સ્ટડી, શિમલા, એચ.પી.

2.બી.મહાદેવન, "ઇન્ટ્રોડક્શન ટુ ઇન્ડિયન નોલેજ સિસ્ટમ" આઈઆઈએસસી બેંગલોર

3.આર.સી. મજુદાર , "ઇન્ડિયા મોતીલાલ બનારસીદાસ પબ્લિસર્સ , નવી દિલ્હી , પ્રથમ આવૃત્તિ,વારાણસી, 1952, પુનઃ મુદ્રણ 2003

4. બેશમ.એ.એલ.(એડ). " એ કલ્ચરલ હિસ્ટ્રી ઓફ ઇન્ડિયન કલ્ચર", નવી દિલ્હી ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ,1975

5. શ્રી અરબિંદો," ધ ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયન કલ્ચર", SABDASABDASABDA,શ્રી અરબિંદો આશ્રમ, પોંડેચેરી,1972.ગુજરાતી ભાષાંતર તરીકે પણ ઉપલબ્ધ છે."ભારતીય સંસ્કૃતિના પાયા"

6. શ્રી અરબિંદો ," ઈન્ડિયાસ રીબર્થ,"SABDA, શ્રી અરબિંદો આશ્રમ, પોંડીચેરી,1972.

7. સ્વામી વિવેકાનંદ ભારતમાં આપેલા ભાષણો,બુક્સ લાઇબ્રેરીઆ2020

8.શરદ હેબાલકર," ભારતીય સંસ્કૃતિનો વિશ્વ સંચાર",સાહિત્ય સાધના ટ્રસ્ટ,અમદાવાદ,2004

9. શ્રી અરબિંદો અને શ્રી માતાજી," ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિ"SABDA,SABDA, શ્રી અરબિંદો આશ્રમ, પોંડીચેરી.

10. સ્વામી વિવેકાનંદ,"સપનાઓનું ભારત", ડાયમંડ બુક્સ,નવી દિલ્હી.
11.બી.એસ.શાહ,"શિક્ષણ ચિંતકોનું શિક્ષણ દર્શન ",બી.એસ.શાહ પ્રકાશન
12.વી.એચ. પટેલ. " હિન્દુ ધર્મની મહાનતા ", પ્રવિણ પ્રકાશન,રાજકોટ – 2015
13. વી. કે.ભટ્ટ," શ્રી અરવિંદનું તત્વદર્શન", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
14. કાટધરે ઇન્દુમતી, કુટુંબ ઔર કુટુંબ શિક્ષા" પુનરુત્થાન વિદ્યાપીઠ, અમદાવાદ.